# સાઉથ રિપબ્લીક

તંત્રી : રોહિત અશોક શેઠિયા

દૈનિક - નવસારી

Volume : 01 · Issue : 2 · Page - 4 · Price : Rs.1/- · Annual Subscription : Rs.300/- · Date : 23 AUGUST 2026, SUNDAY, · Periodicity : DAILY Publication city : NAVSARI

Language : GUJARATI, Publication Place : 102 RAJ RESIDENCY, OPP AVDHOOT EYE HOSPITAL, ASHANAGAR, NAVSARI, GUJARAT-396445. Email:sethiarohit48@gmail.com

OFFICE : 102 RAJ RESIDENCY, OPP AVDHOOT EYE HOSPITAL, ASHANAGAR, NAVSARI, GUJARAT- 396445, Mo. +91-7600000600, PRGI No. GJGUJ/26/A7115



## જલાલપોર તાલુકાના મહુવર ગામે દિવ્યાંગજનો અને વયોવૃદ્ધજનોના એસેસમેન્ટ કેમ્પ યોજાયો

# જલાલપોર ધારાસભ્ય આર. સી. પટેલે કેમ્પમાં હાજર લાભાર્થીઓની પડતી મુશ્કેલીઓ અને જરૂરિયાતો વિષે જાણકારી મેળવી





નવસારી : જલાલપોર તાલુકાના મહુવર ગામે કોળી સમાજની વાડી ખાતે દિવ્યાંગજનો તથા વયોવૃદ્ધજનોને સહાયક સાધનો ઉપલબ્ધ કરાવવાના હેતુસર ALIMCO એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા કલેકટર મનીષભાઈ ગુરવાનીએ મુલાકાત લઈ કામગીરીનું સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જલાલપોર ધારાસભ્ય આર.સી. પટેલ, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, જલાલપોર મામલતદાર મૃણાલદાન ઈસરાણી ઉપસ્થિત રહ્યા હતા.

આ કેમ્પની મુલાકાત દરમિયાન જિલ્લા કલેકટરે લાભાર્થીઓની નોંધણી, જરૂરી દસ્તાવેજોની ચકાસણી તેમજ દિવ્યાંગજનો અને વયોવૃદ્ધજનોના એસેસમેન્ટની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે સંબંધિત અધિકારીઓ પાસેથી કેમ્પની કામગીરી, લાભાર્થીઓની સંખ્યા તેમજ સહાયક સાધનો માટેની પાત્રતા અંગે જરૂરી વિગતો મેળવી હતી.

આ કેમ્પમાં બપોરે ૧ વાગ્યા સુધીમાં કેમ્પમાં દિવ્યાંગજનો તથા વયોવૃદ્ધજનો મળી કુલ ૨૭૧ લાભાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં વિવિધ પ્રકારની શારીરિક જરૂરિયાત ધરાવતા લાભાર્થીઓનું નિષ્ણાતો દ્વારા એસેસમેન્ટ કરવામાં આવી રહ્યું હતું, જેના આધારે પાત્ર લાભાર્થીઓને જરૂરી સહાયક સાધનો ઉપલબ્ધ કરાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

જલાલપોર ધારાસભ્ય આર.સી. પટેલે લાભાર્થીઓને રૂબરૂ મળી આ યોજના વિષે માહિતી આપી હતી. સાથે જ દિવ્યાંગ અને વૃદ્ધ લાભાર્થીઓને પડતી મુશ્કેલીઓ અને જરૂરિયાતો વિષે જાણકારી મેળવી હતી. આ કેમ્પના લાભથી તમામ ગામના તમામ દિવ્યાંગ અને વૃદ્ધ લાભાર્થીઓ વંચિત ન રહે તે માટે ગામના સરપંચોને જરૂરી સૂચનાઓ આપી હતી.

નવસારી જિલ્લા કલેક્ટર મનીષભાઈ ગુરવાનીએ કેમ્પ દરમિયાન લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કરી તેમની મુશ્કેલીઓ, જરૂરિયાતો અને



કેમ્પ અંગેનો પ્રતિભાવ મેળવ્યો હતો. તેમણે લાભાર્થીઓને સરકારી યોજનાઓના લાભ મેળવવામાં કોઈ મુશ્કેલી ન પડે તે અંગે સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત, જો લાભાર્થીઓના દસ્તાવેજોમાં ક્ષતિ અથવા જરૂરી દસ્તાવેજોની અછત હોવાનું માલૂમ પડે તો આવા લાભાર્થીઓની દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ કરાવવા પાત્રતા મુજબ તેમને સહાયક સાધનોનો લાભ મળી રહે તે માટે જલાલપોર મામલતદાર મૃણાલ ઈસરાની તથા સંબંધિત અધિકારીઓને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

આ એસેસમેન્ટ કેમ્પનો મુખ્ય હેતુ દિવ્યાંગજનો અને વયોવૃદ્ધજનોની જરૂરિયાતનું મૂલ્યાંકન કરી પાત્રતા મુજબ તેમને જીવનને વધુ સરળ અને સુગમ બનાવતાં સહાયક સાધનો ઉપલબ્ધ કરાવવાનો છે. આ પ્રકારના કેમ્પ દ્વારા લાભાર્થીઓને સરકારી સહાય તેમના નજીકના વિસ્તારમાં જ મળી રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવતી કામગીરીને વેગ મળે છે.

ભારત સરકારની રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત વરિષ્ઠ નાગરિકો માટે નિશુલ્ક સહાયક ઉપકરણો પ્રદાન કરવામાં આવે છે. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારન અધીન, ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ (એલીમ્કો) દ્વારા વરિષ્ઠ નાગરિકોને છડી, વોકર, વ્હીલચેર, કાનની મશીન, ચશ્મા, છડી સીટ, વ્હીલચેર કમોડ, સીલીકોન ફોમ તકિયા, ની બ્રેસ, સ્પાઈનલ સપોર્ટ, વ્હીકલ કોલર, કીટ તેમજ સહાયક યંત્રો અને ઉપકરણો માટે નિશુલ્ક વિતરણ કરવામાં આવે છે.

દિવ્યાંગજનોને કૃત્રિમ અંગો અને સહાયક ઉપકરણો જેવી જરૂરીયાત તથા ફીટીંગ માટે સહાય પૂરી પાડવા માટે એડીપ યોજના લાગુ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત અલીમ્કો દ્વારા આ યોજના અમલીકરણની મુખ્ય સંસ્થા છે. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, ભારત સરકાર દ્વારા સંચાલિત એડીપ યોજના અંતર્ગત જરૂરીયાતમંદ દિવ્યાંગ વ્યક્તિઓને જેમની વાર્ષિક આવક ૧૫૦૦૦ રૂપિયા સુધી છે. કૃત્રિમ અંગો અને સહાયક ઉપકરણોની ખરીદી માટે ૩ વર્ષમાં વધુ ૧૮,૦૦૦ રૂપિયા સુધીનું વળતર આપવાના કૃત્રિમ અંગો અને વધુ સહાયક ઉપકરણો આપવામાં આવશે. સહાય મેળવવા માટે લાભાર્થીઓએ નિર્ધારિત સહાયક ઉપકરણ ખરીદ્યા બાદ તેની કિંમતના વાસ્તવિક પુરાવા રજુ કરવા પડશે. જેમાં દિવ્યાંગતાના પ્રકાર જોઈએ તો અસ્થિર દિવ્યાંગ, દ્રષ્ટિબાધિત, શ્રવણબાધિત અને બૌદ્ધિક દિવ્યાંગ છે. જેઓએ યુ.ડી.આઈ.ડી. કાર્ડ, આધાર કાર્ડ, આય પ્રમાણપત્ર અને સ્વત પ્રમાણિત -પત્ર રજુ કરવામાં રહેશે.

## કેમ્પમાં દિવ્યાંગજનો અને વયોવૃદ્ધજનો મળી કુલ ૨૭૧ લાભાર્થીઓનું રજીસ્ટ્રેશન

# વલસાડમાં નોન-ઇન્ટરલોકીંગ બ્લોકને કારણે ૧૦ ટ્રેનને અસર, હજારો મુસાફરો મુશ્કેલીમાં મુકાયા

નવસારી : નવસારીમાં શહેર તેમજ આજુબાજુના વિસ્તારો વિવિધ પ્રાંતો, સમાજોના લાખ્ખો લોકો રહે છે. જેઓ તેમના વતન જવા માટે તેમજ અન્ય જિલ્લાઓમાં નોકરી કરતા યુવાનો ટ્રેનમાં મુસાફરી કરે છે. પહેલા નવસારી રેલ્વે સ્ટેશને લાંબા અંતરે જતી ટ્રેનોને સ્ટોપેજ મળ્યો ન હતો. જેથી લોકોએ સુરત જઈ તેમના વતન જવા માટેની ટ્રેન પકડવી પડતી હતી. જોકે હવે લાંબા અંતરની ટ્રેનોમાં મુસાફરી કરવા માટે મુસાફરો વધી ગયા હોવાથી કેટલીક ટ્રેનોને નવસારી રેલ્વે સ્ટેશને સ્ટોપેજ મળી ગયું છે. તો બીજી તરફ નવસારી શહેરમાંથી સુરત, ભરૂચ તેમજ વલસાડ અને વાપી જેવા જિલ્લાઓમાં નોકરી અર્થે ઘણા યુવાનો-યુવતીઓ રોજિંદા અપ-ડાઉન કરે છે. ત્યારે ટ્રેન થોડા સમય માટે મોડી પડે તો પણ મુસાફરો અટવાઈ પડતા હોય છે. પરંતુ હાલ તો નવસારીમાંથી પસાર થતી ૧૦ ટ્રેનો ઉપર અસર પડી છે.

પશ્ચિમ રેલ્વે દ્વારા વલસાડ રેલ્વે સ્ટેશન પર નોન-ઈન્ટરલોકીંગ બ્લોકની કામગીરી શરુ કરવામાં આવી છે. જેના પગલે ૨૧ થી ૨૩ ઓગષ્ટ દરમિયાન નવસારીમાંથી પસાર થતી ટ્રેનો ઉપર અસર પડી છે. કારણ કે અમદાવાદ તરફ જતી ટ્રેનો મુંબઈ અને વલસાડથી ઉપડે છે. જયારે મુંબઈ તરફ જતી ટ્રેનો અમદાવાદ, વડોદરા




અને સુરતથી ઉપડે છે. જેથી મુંબઈ તરફ જતા અને અમદાવાદ તરફ જતા મુસાફરોને વધુ મુશ્કેલી સહન કરવી પડી છે.

પશ્ચિમ રેલ્વે દ્વારા નોન-ઈન્ટરલોકીંગ કામગીરી દરમિયાન કેટલીક ટ્રેનો રદ કરવામાં આવી છે તો કેટલીક ટ્રેનો શોર્ટ ટર્મિનેટ અને શોર્ટ ઓરીજીનેટ કરવામાં આવી છે. જેમાં ૨૨ અને ૨૩ ઓગષ્ટે ઉધના-બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસ, ૨૩ ઓગષ્ટે બાન્દ્રા ટર્મિનસ-અજમેર એક્સપ્રેસ, વલસાડ-ઉમરગામ રોડ મેમુ, વડોદરા-દહાણુ રોડ એક્સપ્રેસ ટ્રેન રદ કરવામાં આવી છે. જયારે વડોદરા-વલસાડ ઈન્ટરસીટી બીલીમોરા સુધી, મુંબઈ સેન્ટ્રલ-વલસાડ પેસેન્જર પારડી સુધી, વડનગર-વલસાડ ઈન્ટરસીટી નવસારી સુધી, દાહોદ-વલસાડ તેમજ સુબેદારગંજ સ્પેશિયલ ઉધના સુધી જ દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમજ વડોદરા-વલસાડ ઈન્ટરસીટી બીલીમોરાથી, મુંબઈ સેન્ટ્રલ-વલસાડ પેસેન્જર ઉદવાડાથી, વડનગર-વલસાડ ઈન્ટરસીટી નવસારીથી, દાહોદ-વલસાડ તેમજ સુબેદારગંજ સ્પેશિયલ ઉધનાથી જ ઉપાડવાનું નક્કી કરવામાં આવ્યું છે.

વલસાડ-વડનગર ઈન્ટરસીટી નવસારી સુધી અને નવસારીથી ઉપાડવાની હોવાથી અમદાવાદ-મહેસાણા તરફના મુસાફરોને તેમજ આ ટ્રેનમાં મુસાફરી કરતા નોકરિયા વર્ગોને રાહત રહેશે. જયારે ૬ જેટલી ટ્રેનો નવસારી સુધી પહોચ્યા વિના જ ઉધના-ભેસ્તાનથી પરત ફરી જશે. પરંતુ મુંબઈ તરફ જતા મુસાફરો સંપૂર્ણ પણે મુશ્કેલીમાં મુકાયા છે.

# એક પેડ માં કે નામ ૩.૦’ અભિયાન અંતર્ગત નવસારી જિલ્લા કક્ષાનો ૭૭ માં વન મહોત્સવની ઉજવણી

# ‘એક પેડ માં કે નામ’ અભિયાનને જનઆંદોલનનું સ્વરૂપ આપવા તથા સમાજના દરેક વર્ગને વૃક્ષારોપણ સાથે જોડાવા આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલનું આહવાન







નવસારી : નવસારી જિલ્લાના ગણદેવી તાલુકા ખાતે સામાજિક વનીકરણ વિભાગ દ્વારા ‘એક પેડ માં કે નામ ૩.૦’ અભિયાન અંતર્ગત ૭૭ માં જિલ્લા કક્ષાનો વન મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શ્રી એલ.એમ. નાયક અનાવિલ સાંસ્કૃતિક ભવન, વિશ્રામગૃહની સામે, ગણદેવી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર ઉદ્યોગ અને ગ્રામોદ્યોગ વિભાગના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલીબેન નાયક, નવસારીના ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મંત્રી નરેશભાઈ પટેલે પોતાના સંબોધનમાં વૃક્ષો અને પાણી વચ્ચેના અનન્ય સંબંધ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, માનવજીવનના અસ્તિત્વ અને સુખાકારી માટે વૃક્ષો અને પાણી જતન કરવામાં આવે તો જળસંચય અને પર્યાવરણનું સંતુલન જાળવી શકાય છે. ગણદેવી તાલુકો તેમજ સમગ્ર નવસારી જિલ્લો વૃક્ષોની સમૃદ્ધિ અને હરિયાળી માટે સમગ્ર રાજ્યમાં આગવી ઓળખ ધરાવે છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, હાલના સમયમાં ક્લાયમેટ ચેન્જની અસરો સમગ્ર વિશ્વ સામે મોટો પડકાર બની રહી છે ત્યારે પર્યાવરણનું સંરક્ષણ એ આપણી સામૂહિક જવાબદારી છે. આવનારી પેઢીને સ્વચ્છ, સ્વસ્થ અને હરિયાળું વાતાવરણ મળી રહે તે માટે વધુમાં વધુ વૃક્ષો વાવવા સાથે વાવેલા વૃક્ષોની જાળવણી અને સંવર્ધન પર પણ એટલું જ ધ્યાન આપવું જરૂરી છે.

મંત્રીએ ‘એક પેડ માં કે નામ’ અભિયાનને જનઆંદોલનનું સ્વરૂપ આપવા તથા સમાજના દરેક વર્ગને વૃક્ષારોપણ સાથે જોડાવા આહ્વાન કર્યું હતું. માત્ર વૃક્ષો વાવવાથી નહીં, પરંતુ તેની નિયમિત કાળજી અને જાળવણીથી જ વાસ્તવિક હરિયાળીનું નિર્માણ શક્ય બનશે તેમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વન વિભાગના અધિકારીઓ, સામાજિક વનીકરણ વિભાગ, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા પર્યાવરણપ્રેમી નાગરિકો દ્વારા પર્યાવરણ સંરક્ષણ માટે કરવામાં આવી રહેલી કામગીરીને બિરદાવી સૌને સાથે મળીને આવનારી પેઢી માટે વધુ હરિયાળું અને સ્વચ્છ વાતાવરણ ઊભું કરવાનો સંકલ્પ લેવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે વૃક્ષારોપણ અને પર્યાવરણ સંરક્ષણની કામગીરીમાં યોગદાન આપનારાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. વિવિધ લાભાર્થીઓને ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ વન અને પર્યાવરણ સંરક્ષણની કામગીરીમાં નોંધપાત્ર યોગદાન આપનાર વ્યક્તિઓને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ તથા સ્ટાફના સભ્યોને પણ પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ગામમાં વૃક્ષારોપણ અને પર્યાવરણ સંવર્ધન માટે નોંધપાત્ર કામગીરી કરનાર સરપંચશ્રીઓને પણ પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન દ્વારા વૃક્ષારોપણની સાથે તેના જતન અને સંવર્ધન માટે જનભાગીદારીને પ્રોત્સાહન આપવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

મંત્રી નરેશભાઈ પટેલ અને મહાનુભાવો ના હસ્તે વૃક્ષ રથ ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને પર્યાવરણ સંરક્ષણ તથા વૃક્ષોના સંવર્ધન માટે જનભાગીદારી વધારવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જિવાણી, ડાંગ દક્ષિણ વન વિભાગના નાયબ વન સંરક્ષક નિરજકુમાર (IFS), નવસારીના નાયબ વન સરંક્ષક ઉર્વશીબેન,વન વિભાગના અધિકારીઓ, સ્થાનિક આગેવાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડ જિલ્લા કલેક્ટરશ્રી નીતિન સાંગવાનના અધ્યક્ષસ્થાને સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત જિલ્લા કક્ષાની અમલીકરણ બેઠક યોજાઈ



વલસાડ : વલસાડ જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં કલેક્ટર નીતિન સાંગવાનના અધ્યક્ષસ્થાને સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત જિલ્લા કક્ષાની અમલીકરણ સમિતિની બેઠક યોજાઈ હતી.

વલસાડ જિલ્લામાં સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર, સંવર્ધન તથા વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા અને ભારતીય જ્ઞાનપરંપરા પ્રત્યે રસ અને ગૌરવની ભાવના વિકસે તે હેતુસર તા.૨૫/૦૮/૨૦૨૬ થી તા. ૩૧/૦૮/૨૦૨૬ દરમિયાન સંસ્કૃત સપ્તાહ મહોત્સવની ઉજવણી કરવામાં આવનાર છે. આ સંદર્ભે જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાનના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત જિલ્લા કક્ષાએ યોજાનાર વિવિધ કાર્યક્રમોના આયોજન, સ્થળ, વ્યવસ્થા, સંકલન તથા અમલીકરણ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી અને વધુમાં વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને નાગરિકોની સહભાગિતા સુનિશ્ચિત થાય તે માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવી હતી.

સંસ્કૃત સપ્તાહ મહોત્સવના આ કાર્યક્રમો દ્વારા વલસાડ જિલ્લામાં સંસ્કૃત ભાષા પ્રત્યે જાગૃતિ અને અભિરુચિ વધે, વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાનપરંપરા પ્રત્યે ગૌરવની ભાવના વિકસે તથા સંસ્કૃતના પ્રચાર-પ્રસારને વેગ મળે તેવો મુખ્ય ઉદ્દેશ છે. બેઠકમાં જિલ્લા કક્ષાની અમલીકરણ સમિતિના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## જિલ્લા કક્ષાના મુખ્ય કાર્યક્રમો પર એક નજર

(૧) સંસ્કૃત ગૌરવ યાત્રા - તા.૨૫/૦૮/૨૦૨૬

તા. ૨૫/૦૮/૨૦૨૬ના રોજ કલેક્ટર કચેરી, વલસાડ ખાતેથી સંસ્કૃત ગૌરવ યાત્રા યોજાશે. આ યાત્રામાં ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો, અધિકારીઓ તથા પદાધિકારીઓ જોડાશે. સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિની ગૌરવપૂર્ણ પરંપરાને જન-જન સુધી પહોંચાડવાના હેતુસર આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

(૨) સંસ્કૃત સંભાષણ દિવસે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન - તા.૨૭/૦૮/૨૦૨૬

તા.૨૭/૦૮/૨૦૨૬ના રોજ સંસ્કૃત સંભાષણ દિવસની ઉજવણી અંતર્ગત વલસાડના સેગવી ગામની સર્વોદય હાઈસ્કૂલ ખાતે સંસ્કૃત ગોષ્ઠી યોજાશે. સંસ્કૃત ભાષાના દૈનિક વ્યવહારમાં ઉપયોગ તથા સંવાદક્ષમતાને પ્રોત્સાહન મળે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ યોજાશે. ધો. ૧૦ અને ૧૨માં સંસ્કૃત વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન કરાશે. આ સન્માન દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે અને અન્ય વિદ્યાર્થીઓ પણ સંસ્કૃત વિષય પ્રત્યે પ્રેરિત થાય તેવો ઉદ્દેશ છે.

(૩) સંસ્કૃત સાહિત્ય દિવસ અને સંસ્કૃત પ્રદર્શન - તા.૨૯/૦૮/૨૦૨૬

તા.૨૯/૦૮/૨૦૨૬ના રોજ સંસ્કૃત સાહિત્ય દિવસની ઉજવણી નિમિત્તે જે.પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડ ખાતે સંસ્કૃત પ્રદર્શનનું આયોજન કરવામાં આવશે. પ્રદર્શનમાં સંસ્કૃત ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ તથા ભારતીય જ્ઞાનપરંપરાને ઉજાગર કરતી વિવિધ શૈક્ષણિક અને સર્જનાત્મક કૃતિઓ રજૂ કરવામાં આવશે.

# પારડીની સરકારી વિજ્ઞાન કોલેજમાં ૨૦ દિવસીય ફિનિશિંગ સ્કૂલના સેટ એ,બી,સી અને ડી ની તાલીમ યોજાઈ



પારડી: વલસાડ જિલ્લાના પારડી તાલુકાની સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે ગુજરાત સરકાર દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને રોજગાર ક્ષમતા વધારવાના ઉદ્દેશ્ય સાથે તા.૨૩/૦૭/૨૦૨૬થી ૨૦ દિવસીય ફિનિશિંગ સ્કૂલના સેટ એ, બી, સી અને ડી ની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમમાં T.Y.B.Sc.ના કુલ ૩૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સેટ એ અને બી ના મુખ્ય ટ્રેનર શ્રી અંજુ શાહ દ્વારા વિદ્યાર્થીઓને જીવન અને રોજગારલક્ષી કૌશલ્ય માટે ૪૦ કલાકની તાલીમ અને અંગ્રેજી ભાષા પ્રત્યે આત્મવિશ્વાસ વિકસે તે માટે ફંક્શનલ અને સ્પોકન અંગ્રેજીના સેટ સી અને ડીની ૪૦ કલાકની અસરકારક તાલીમ પિંકલ પટેલ દ્વારા આપવામાં આવી હતી.

ઉપરાંત વિવિધ પ્રેરણાત્મક પ્રવૃત્તિઓ, સમૂહચર્ચાઓ અને પ્રાયોગિક સત્રો દ્વારા વિદ્યાર્થીઓમાં સંવાદ અને કૌશલ્ય તથા વ્યક્તિત્વ વિકાસને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. તાલીમ દરમ્યાન વિદ્યાર્થીઓને સ્વજાગૃતિ અને સ્વવિકાસ, વ્યવસાયિક ધ્યેયોનું આયોજન, ઈન્ટરવ્યુ સ્કિલ, સમસ્યા ઉકેલવાની ક્ષમતા, નિર્ણયશક્તિ તથા વિવિધ સોફ્ટ સ્કિલ્સ અંગે વ્યાપક માર્ગદર્શન અને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ સરકારી વિજ્ઞાન કોલેજના આચાર્ય ડૉ. હેતલ એસ.ટંડેલના માર્ગદર્શન હેઠળ સફળતા પૂર્વક સંપન્ન થયો હતો. તાલીમનું આયોજન અને સંચાલન કો-ઓર્ડિનેટર એન. કે. લાડ (મદદનીશ પ્રાધ્યાપક-અંગ્રેજી) દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ તાલીમને અત્યંત ઉપયોગી ગણાવી પોતાના વ્યક્તિત્વ વિકાસ, આત્મવિશ્વાસ અને કારકિર્દી ઘડતરમાં આ કાર્યક્રમ મહત્વપૂર્ણ સાબિત થશે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

# વલસાડ જિલ્લામાં ટીબી નાબૂદી અભિયાન અંતર્ગત યુવાનો માટે ધરમપુરમાં પાંચ દિવસીય તાલીમનો પ્રારંભ

વલસાડ : વલસાડ જિલ્લામાં ટીબી મુક્ત ભારત અભિયાનને જન-જન સુધી પહોંચાડવા અને યુવાનોને ટીબી ઉન્મૂલન અભિયાન સાથે સક્રિય રીતે જોડવાના ઉદ્દેશ્યથી મેરા યુવા ભારત, વલસાડ દ્વારા પાંચ દિવસીય અનુભવાત્મક શિક્ષણ અને તાલીમ કાર્યક્રમનો પ્રારંભ ધરમપુર ટીબી સેન્ટર ખાતે કરવામાં આવ્યો. આ કાર્યક્રમ જિલ્લા ક્ષય રોગ અધિકારી એચ. પી. સિંહ તથા જિલ્લા યુવા અધિકારી આયુષ ચૌધરીના માર્ગદર્શન હેઠળ આયોજિત કરવામાં આવ્યો છે.

કાર્યક્રમના પ્રથમ દિવસે યુવાનોને ટીબીના કારણો, મુખ્ય લક્ષણો, સંક્રમણથી બચાવ, તપાસની પ્રક્રિયા, સારવાર તેમજ ટીબી સંબંધિત મહત્વપૂર્ણ

**ટીબી સારવાર યોગ્ય રોગ છે અને સમયસર ઓળખ અને નિયમિત સારવારથી સંપૂર્ણપણે સ્વસ્થ થઈ શકાય છે**

આરોગ્ય માહિતી આપવામાં આવી હતી. આરોગ્ય વિભાગના નિષ્ણાતોએ યુવાનોને જણાવ્યું કે, ટીબી એક સારવાર યોગ્ય રોગ છે અને સમયસર રોગની ઓળખ, જરૂરી તપાસ તથા તબીબી સલાહ અનુસાર નિયમિત સારવાર દ્વારા ટીબીમાંથી સંપૂર્ણપણે સ્વસ્થ થઈ શકાય છે.




MY Bharatના સ્વયંસેવકોને ટીબી ઉન્મૂલન અભિયાન અંગે વ્યવહારુ તાલીમ આપવામાં આવી રહી છે. તાલીમ દરમિયાન યુવાનોને સમાજમાં ટીબી અંગે જાગૃતિ ફેલાવવા, રોગ સાથે જોડાયેલી ગેરમાન્યતાઓ અને સામાજિક ભેદભાવ દૂર કરવા તેમજ લોકોને સમયસર તપાસ અને સારવાર માટે પ્રેરિત કરવાની માહિતી આપવામાં આવશે.

તાલીમ પ્રાપ્ત કરેલા MY Bharatના સ્વયંસેવકો જિલ્લાના પસંદ કરાયેલા પાંચ ગામોમાં જઈને ટીબી જાગૃતિની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરશે. તેઓ ગ્રામજનોને ટીબીના લક્ષણો, તપાસ, સારવાર, બચાવના ઉપાયો તેમજ ઉપલબ્ધ આરોગ્ય સેવાઓ અંગે માહિતી આપશે અને જરૂરિયાતમંદ લોકોને આરોગ્ય સેવાઓ સુધી પહોંચવામાં સહયોગ કરશે.

મેરા યુવા ભારત, વલસાડનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોને માત્ર ટીબી અંગે માહિતી આપવાનો નથી, પરંતુ તેમને ટીબી જાગૃતિના અસરકારક દૂત તરીકે તૈયાર કરવાનો છે. સ્વયંસેવકોની સક્રિય ભાગીદારી દ્વારા પસંદ કરાયેલા ગામોમાં ટીબી અંગે જાગૃતિ વધારવા, સમયસર તપાસ અને સારવારને પ્રોત્સાહિત કરવા તેમજ ટીબી સાથે જોડાયેલા સામાજિક ભેદભાવને ઘટાડવાના પ્રયાસો કરવામાં આવશે.

અધિકારીઓએ જણાવ્યું કે, ટીબી મુક્ત ભારતનું લક્ષ્ય સામુદાયિક ભાગીદારી અને જનજાગૃતિ વિના પ્રાપ્ત કરી શકાય નહીં. આવા સંજોગોમાં યુવાનોની ઊર્જા, જાગૃતિ અને સક્રિય ભાગીદારી ટીબી ઉન્મૂલન અભિયાનને ગામે-ગામ પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

**વાચકો જોગ**

**સાઉથ રિપબ્લીક**
**દૈનિક-નવસારી**

આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓના સમાચારો, પ્રશ્નો, સામાજિક નોંધ તેમજ શાળા- કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો તેમજ રચનાત્મક પ્રવૃત્તિઓના સમાચારો અમને ફોટોગ્રાફ સાથે લખીને મોકલો.

૧૦૨ રાજ રેસિડન્સી, અવધૂત આઈ હોસ્પીટલ પાસે, આશાનગર, નવસારી.
મો.:- 7600000600
EMAIL:- sethiarohit48@gmail.com

**ખાસ નોંધ**

સાઉથ રિપબ્લીક દૈનિક અખબારમાં છપાતા તમામ લેખ, સમાચારને લગતા વાદ-વિવાદ તકરાર, કાનૂની પ્રક્રિયા નવસારી કોર્ટને આધીન

સાઉથ રિપબ્લીક - દૈનિક

SOUTH REPUBLIC DAILY, NAVSARI

# બીલીમોરામાં રેલવે અંડરપાસની સમસ્યાનો અંત લાવવા પાલિકાની કામગીરી શરૂ

બીલીમોરા : બીલીમોરામાં છેલ્લા કેટલાક સમયથી રેલવે અંડરપાસ બંધ અથવા અવરજવર માટે મુશ્કેલીરૂપ બનતા સ્થાનિક રહેવાસીઓ અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. ખાસ કરીને સિનિયર સિટીઝન, મહિલાઓ અને રોજિંદા અવરજવર કરતા લોકોને લાંબો રસ્તો પસાર કરવાની ફરજ પડતી હતી.



લોકોની મુશ્કેલીને ધ્યાનમાં લઈ બીલીમોરા નગરપાલિકા દ્વારા રેલવે અંડરપાસની સાફ-સફાઈ અને જરૂરી કામગીરી હાથ ધરવામાં આવી છે. અંડરપાસને ફરી રાહદારીઓ અને વાહનચાલકો માટે ઉપયોગી બનાવવા પાલિકા દ્વારા પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે.

અંડરપાસમાં જમા થયેલો કચરો, માટી તથા અન્ય અવરોધોને દૂર કરવાની કામગીરી હાથ ધરાતા માર્ગ ફરી શરૂ થવાની આશા જાગી છે. રસ્તો શરૂ થતાં આસપાસના વિસ્તારના લોકોની અવરજવર સરળ બનશે અને રોજિંદી પરેશાનીમાંથી રાહત મળશે.

અંડરપાસ ફરી કાર્યરત થવાની કામગીરીથી સ્થાનિકોમાં પણ ખુશીની લાગણી જોવા મળી રહી છે. ખાસ કરીને સિનિયર સિટીઝન માટે આ માર્ગ ફરી ખુલ્લો થવો મોટી રાહત સમાન બની રહેશે. લાંબો ચક્કર કાપવાની ફરજમાંથી મુક્તિ મળતા રાહદારીઓમાં રાહતનો શ્વાસ જોવા મળી રહ્યો છે.

સ્થાનિકો દ્વારા પાલિકાની આ કામગીરીને આવકારવામાં આવી રહી છે અને અંડરપાસની સફાઈ બાદ તેને નિયમિત રીતે સ્વચ્છ અને ઉપયોગી રાખવામાં આવે તેવી પણ માંગ ઉઠી રહી છે.

લોકોની લાંબા સમયથી ચાલી આવતી મુશ્કેલી દૂર કરવા હાથ ધરાયેલી આ કામગીરી પૂર્ણ થતાં બીલીમોરાના આ મહત્વપૂર્ણ માર્ગ પરથી ફરી સરળ અને સુવિધાજનક અવરજવર શરૂ થશે તેવી આશા છે.

# દશામા વ્રતની નવસારીમાં ભાવભેર પૂર્ણાહુતિ

નવસારી : નવસારી જિલ્લામાં દશામાના દસ દિવસીય વ્રતની શનિવારે શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે પૂર્ણાહુતિ થઈ હતી. વ્રતના અંતિમ દિવસે ભક્તોએ રાત્રિ જાગરણ કરી માતાજીની વિશેષ પૂજા-આરાધના કર્યા બાદ વહેલી સવારે પ્રતિમાઓનું વિધિવત વિસર્જન કર્યું હતું. ૨૨ ઓગસ્ટે દશામા વ્રતની પૂર્ણાહુતિ અને પ્રતિમા વિસર્જનની પરંપરા નિભાવવામાં આવી હતી.



વહેલી સવારથી જ નવસારી શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાંથી શ્રદ્ધાળુઓ ટ્રેક્ટર, ટેમ્પો સહિતના વાહનોમાં દશામાની પ્રતિમાઓ લઈને વિસર્જન સ્થળોએ પહોંચ્યા હતા. વિસર્જન પહેલાં પરિવારજનો દ્વારા માતાજીની અંતિમ આરતી ઉતારી પરિવારની સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવામાંઆવી હતી.

નવસારીની પૂર્ણા નદી, ધારાગીરી ઓવારા અને ઐતિહાસિક દાંડી દરિયાકિનારે મોટી સંખ્યામાં ભક્તોની ભીડ જોવા મળી હતી. આ ઉપરાંત આસપાસના સ્થાનિક તળાવો અને નહેરોના કિનારે પણ ભક્તોએ માતાજીની પ્રતિમાઓનું વિસર્જન કરી ભાવભીની વિદાય આપી હતી.

વિસર્જન દરમિયાન 'જય દશામા'ના જયઘોષથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. દસ દિવસ સુધી માતાજીની આરાધના કર્યા બાદ ભક્તોએ ભારે ભાવુકતા સાથે માતાજીને વિદાય આપી અને આગામી વર્ષે ફરીથી માતાજી પધારે તેવી પ્રાર્થના કરી હતી.

# બીલીમોરામાં દશામાની મૂર્તિઓનું ધામધૂમથી વિસર્જન

બીલીમોરા : બીલીમોરામાં દસ દિવસની ધાર્મિક આરાધના પૂર્ણ થતાં દશામાની મૂર્તિઓનું ધામધૂમપૂર્વક વિસર્જન કરવામાં આવ્યું હતું. વિસું માસીના પરિવાર દ્વારા સ્થાપિત દશામાની મૂર્તિની દસ દિવસ સુધી શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે નિયમિત પૂજા-અર્ચના કરવામાં આવી હતી. આ દરમિયાન મહાપ્રસાદ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.



દસ દિવસ દરમિયાન માતાજીની આરાધના સાથે પરિવાર, સમાજ અને આસપાસના લોકો વચ્ચે પ્રેમ, ભાઈચારો અને એકતાનો સંદેશ આપવામાં આવ્યો હતો. સેવા, સંસ્કાર અને પરસ્પર સહકારની ભાવનાને પ્રોત્સાહન આપતી વિવિધ પ્રવૃત્તિઓ પણ યોજાઈ હતી.

દસ દિવસ પૂર્ણ થતાં ફટાકડાના આકર્ષક સ્ટેજ સાથે ભવ્ય વિસર્જન યાત્રા કાઢવામાં આવી હતી. માતાજીના જયઘોષ સાથે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા અને ભક્તિમય વાતાવરણ વચ્ચે દશામાની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત બીલીમોરાના વિવિધ મહોલ્લાઓમાં સ્થાપિત દશામાના મંડળો દ્વારા પણ ધાર્મિક વિધિ-વિધાન અને ભક્તિભાવ સાથે દશામાની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

દશામાની ભક્તિ માત્ર દસ દિવસ પૂરતી સીમિત ન રહે, પરંતુ માતાજી પાસેથી મળેલી સેવા, સંસ્કાર, એકતા, પ્રેમ અને પરસ્પર સહકારની પ્રેરણા વર્ષભર જીવનમાં ઉતારીએ—એવો ભાવ સમગ્ર આયોજનમાંથી જોવા મળ્યો હતો. માતાજીના આશીર્વાદથી સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સદભાવના જળવાઈ રહે તેવી પ્રાર્થના સાથે વિસર્જન કરવામાં આવ્યું હતું.

# ચીખલી ખાતે છાત્ર ગુંજ કાર્યક્રમમાં શિષ્યવૃત્તિ અને ફ્રી શિપ કાર્ડ સમયસર નહીં મળે તો ધારાસભ્ય અનંત પટેલની આંદોલનની ચીમકી

નવસારી : ચીખલી ખાતે ચીખલી-વાંસદા ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં છાત્ર ગુંજ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં નવસારી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષ પટેલ સહિતના આગેવાનો તેમજ ચીખલી તેમજ આજુબાજુના ગામોના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓ સાથે શિક્ષણ સંબંધિત વિવિધ પ્રશ્નો અંગે સંવાદ કરવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ પેપર લીકના પ્રશ્નો રજૂ કર્યા તેમજ આદિવાસી સમાજના વિદ્યાર્થીઓને છેલ્લા એક વર્ષથી



શિષ્યવૃત્તિ નહીં મળતી હોવાની અને ખાનગી કોલેજોમાં ફી ભરવામાં થઈ રહેલા વિલંબને કારણે વિદ્યાર્થીઓને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હોવાની પણ રજૂઆત કરવામાં આવી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય અનંત પટેલે જણાવ્યું હતું કે, આજનો જમાનો Gen Zનો છે. પોતાના હક અને અધિકાર માટે રોડ પર ઉતરીને લડવું પડશે. શિષ્યવૃત્તિ અને ફ્રી શિપ કાર્ડ એક અઠવાડિયામાં નહીં મળે તો આંદોલન કરીશું તેવી ચીમકી ઉચ્ચારી હતી. સાથે જ વિદ્યાર્થીઓને પોતાના હક અને અધિકાર માટે સંગઠિત થઈ અવાજ ઉઠાવવાની અપીલ કરી હતી.

# વાંસદા પોલીસે માનવતા દાખવી : ગુમ દીકરાની ફરિયાદ કરવા આવેલી વૃદ્ધાને રાશન કીટ આપી, ઘરે પહોંચાડી

વાંસદા : ગુમ થયેલા માનસિક અસ્થિર દીકરાની ફરિયાદ કરવા વાંસદા પોલીસ સ્ટેશન પહોંચેલી એક નિરાધાર વૃદ્ધા પ્રત્યે પોલીસે માનવતાભર્યું વલણ દાખવ્યું હતું.

વૃદ્ધાએ પોલીસ સમક્ષ પોતાના દીકરા ગુમ થયાની રજૂઆત કરતાં વાંસદા પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.વી. ચાવડા સહિતની ટીમે તેમની વાત સંવેદનશીલતાથી સાંભળી હતી. પોલીસે વૃદ્ધાને તેમના દીકરાને વહેલી તકે શોધી કાઢવા માટે જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

વૃદ્ધાની આર્થિક સ્થિતિ અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પોલીસ ટીમે તેમને જીવનજરૂરી રાશન કીટ પણ આપી હતી. એટલું જ નહીં, વૃદ્ધાને ઘરે પરત ફરવામાં મુશ્કેલી ન પડે તે માટે પોલીસ મોબાઈલ વાહન મારફતે તેમને ઉનાઈ ગામે સુરક્ષિત રીતે ઘરે પહોંચાડવામાં આવ્યા હતા.

વાંસદા પોલીસની આ કામગીરી માત્ર કાયદો અને વ્યવસ્થાની જવાબદારી પૂરતી સીમિત ન રહેતાં માનવતાનું ઉત્તમ ઉદાહરણ બની છે. પોલીસની આ સંવેદનશીલ પહેલની સ્થાનિક લોકો દ્વારા પ્રશંસા કરવામાં આવી રહી છે.

# આચાર્ય ઈસ્માઈલ મોહંમદ અમીન નાનાની વયનિવૃત્તિ નિમિત્તે સન્માન

નવસારી : નવસારી જિલ્લાના સીમલક હાઈસ્કૂલના આચાર્ય ઈસ્માઈલ મોહંમદ અમીન નાના વયનિવૃત્ત થતાં તેમના સન્માનમાં વિશેષ સમારોહ યોજાયો હતો. નવસારી જિલ્લા શિક્ષણ સમિતિના આયોજન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી સહિત શિક્ષણ વિભાગના અધિકારીઓ, સહકર્મીઓ અને શુભેચ્છકોએ ઉપસ્થિત રહી આચાર્યનું સન્માન કર્યું હતું.



આચાર્ય ઈસ્માઈલ મોહંમદ અમીન નાનાએ શિક્ષણક્ષેત્રે વર્ષો સુધી નિષ્ઠા, પ્રામાણિકતા અને સેવાભાવ સાથે ફરજ બજાવી હતી. સીમલક હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે તેમણે વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસની સાથે તેમના સર્વાંગી વિકાસ અને ઉજ્જવળ ભવિષ્યના ઘડતર માટે સતત પ્રયત્નો કર્યા હતા.

શાળામાં શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ વચ્ચે સંકલન જાળવી શિક્ષણની ગુણવત્તા સુધારવા તેમણે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. વિદ્યાર્થીઓમાં સંસ્કાર, શિસ્ત અને જવાબદારીની ભાવના વિકસે તે માટે પણ તેઓ સતત માર્ગદર્શન આપતા રહ્યા હતા.

સન્માન સમારોહ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો અને સહકર્મીઓએ આચાર્યની વર્ષોની સેવાઓને યાદ કરી તેમના યોગદાનને બિરદાવ્યું હતું. ઉપસ્થિતોએ જણાવ્યું હતું કે, અનેક વિદ્યાર્થીઓના જીવનઘડતરમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર આચાર્યશ્રીનું સન્માન તેમની સેવાભાવનાની યોગ્ય કદર છે.

વયનિવૃત્તિનો પ્રસંગ લાગણીસભર બન્યો હતો. મિત્રો, સહકર્મીઓ અને શુભેચ્છકોએ આચાર્ય ઈસ્માઈલ મોહંમદ અમીન નાનાને સ્વસ્થ, સુખી અને દીર્ઘાયુષ્ય જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી. શિક્ષણક્ષેત્રે તેમણે આપેલી વર્ષોની સેવા આગામી પેઢી માટે પ્રેરણારૂપ બની રહેશે તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

# લાંચ રુશ્વત ના કેસમાં આક્ષેપિત તલાટીના જામીન મંજૂર કરતી નવસારી ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ

નવસારી : ચીખલી ખાતે ગામના તલાટી કમલેશભાઈ ધરમશીભાઈ દેસાઈને પેઢીનામું બનાવવા અને જમીનમાંથી માટી ખોદકામની મંજૂરી માટે નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ આપવાના બદલામાં ૪૦,૦૦૦/- ની લાંચ માંગવાના આક્ષેપ હેઠળ નવસારી એસીબી પોલીસ સ્ટેશનમાં તેમની સામે ગુનો નોંધાયો હતો. નામદાર કોર્ટમાં એડવોકેટ પ્રતાપસિંહ કે. મહિડા સાથે શૈલેષ આર મોદી, યોગેશ એસ ચૌધરી, ભાર્ગવ બી ઠાકોર અને કે જે દેસાઈ દ્વારા કોર્ટમાં જામીન અરજી રજૂ કરવામાં આવેલ હતી. જામીન અરજીની સુનાવણી દરમ્યાન સીનીયર એડવોકેટ પી કે મહિડા દ્વારા ધારદાર દલીલો રજૂ કરવામાં આવી હતી કે - કેસની તપાસ પૂર્ણ થઈ ચૂકી છે, ચાર્જશીટ રજૂ થઈ ગયેલ છે અને હવે આરોપીની વધુ કસ્ટડીની કોઈ જરૂર નથી. સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના વિવિધ ટાંકેલ ચુકાદાઓને ધ્યાને રાખીને, પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ સાહેબે આ દલીલો ગ્રાહ્ય રાખીને તલાટીને શરતોને આધીન જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે.

# ભરતકુમાર સુખડીયાની નવસારી રિજિયોનલ કમિટીના ચેરમેન તરીકે વરણી

નવસારી : દક્ષિણ ગુજરાતની અગ્રણી વેપારી અને ઔદ્યોગિક સંસ્થા ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે ભરતકુમાર સુખડીયાની નવસારી રિજિયોનલ કમિટીના ચેરમેન તરીકે નિમણૂક કરવામાં આવી છે. SGCCIના પ્રમુખ અશોક જીરાવાલાએ તેમને નિમણૂક પત્ર અર્પણ કરી આ અંગેની જાહેરાત કરી હતી.



ભરતકુમાર સુખડીયાના વિશાળ અનુભવ, દીર્ઘદ્રષ્ટિપૂર્ણ નેતૃત્વ અને સકારાત્મક અભિગમને ધ્યાનમાં રાખીને તેમને આ મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. તેમની નિમણૂકથી નવસારી જિલ્લામાં વેપાર, ઉદ્યોગ અને વ્યવસાય ક્ષેત્રના વિકાસને વધુ વેગ મળવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.

SGCCIની સ્થાપના ૨૧ ઓક્ટોબર, ૧૯૪૦ના રોજ કરવામાં આવી હતી. છેલ્લા ૮૬ વર્ષથી સંસ્થા દક્ષિણ ગુજરાતમાં વેપાર અને ઉદ્યોગના વિકાસ માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. સંસ્થા દ્વારા MSME, સ્ટાર્ટઅપ, સેવા ક્ષેત્ર તેમજ વિવિધ ઔદ્યોગિક અને વેપારી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં આવે છે. હાલમાં SGCCI સાથે ૧૪,૦૦૦થી વધુ સભ્યો અને ૧૫૦થી વધુ ઔદ્યોગિક તથા વેપારી એસોસિએશનો જોડાયેલા હોવાનું જણાવાયું છે.

નવસારી રિજિયોનલ કમિટીના ચેરમેન તરીકેની નવી જવાબદારી સંભાળ્યા બાદ ભરતકુમાર સુખડીયા સ્થાનિક વેપારીઓ અને ઉદ્યોગકારોના પ્રશ્નોને યોગ્ય મંચ સુધી પહોંચાડવા તેમજ વેપાર-ઉદ્યોગના વિસ્તરણ માટે કાર્ય કરશે તેવી અપેક્ષા છે.

SGCCIએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે તેમના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ નવસારી વિસ્તારના વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રે નવી તકો ઊભી થશે તથા વિકાસના નવા માઈલસ્ટોન હાંસલ થશે.

# વલસાડ જિલ્લામાં ખાદ્યચીજોની ગુણવત્તા અને સ્વચ્છતા અંગે ૧૮ હોટલ- રેસ્ટોરન્ટમાં ફૂડ વિભાગ દ્વારા સઘન કાર્યવાહી

વલસાડ : વલસાડ જિલ્લાના નાગરિકોને ગુણવત્તાયુક્ત, સ્વચ્છ અને સલામત ખાદ્ય પદાર્થો મળી રહે તેમજ ગ્રાહકો સાથે કોઈપણ પ્રકારની છેતરપિંડી ન થાય તે હેતુસર વલસાડ ફૂડ વિભાગ દ્વારા જિલ્લાના શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં ખાદ્યચીજોના ઉત્પાદન, સંગ્રહ તથા વેચાણ સાથે સંકળાયેલી ૧૮ પેઢીઓમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં વલસાડના તિથલ રોડ પર સ્થિત જલારામ ખમણ હાઉસ સહિત ૮ હોટલ અને રેસ્ટોરન્ટમાં અસહ્ય ગંદકી અને નિયમોનું ઉલ્લઘંન થતું હોવાથી કડક પગલા લઈ પાંચ હોટલ-રેસ્ટોરન્ટનો પરવાનો સ્થગિત કરી ધંધો બંધ કરાવી દેવામાં આવ્યો છે, જ્યારે ૩ હોટલને સુધારો કરવા માટે નોટિસ ફટકારી છે.

આ તપાસ દરમિયાન પેઢીઓમાં ખાદ્ય ચીજોના સંગ્રહની વ્યવસ્થા, કન્ટેનર ઉપર લેબલીંગ, રસોડાની સ્વચ્છતા, ખાદ્યચીજોની ગુણવત્તા, પીવાનું પાણી, કર્મચારીઓના મેડિકલ સર્ટિફિકેટ, પેસ્ટ કંટ્રોલ તેમજ જરૂરી રજીસ્ટ્રેશન અને પરવાના સહિતની બાબતોની ચકાસણી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન કુલ ૧૮ પેઢીઓની તપાસ કરવામાં આવી હતી. જેમાં કેટલીક પેઢીઓમાં ક્ષતિઓ જણાઈ આવતા કાયદા મુજબ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં (૧) જલારામ ખમણ હાઉસ, શોપ નં. ૭, મેઘ રચના ટાવર, તિથલ રોડ, વલસાડ ખાતે રસોડામાં ગંદકી તેમજ કાળું થઈ ગયેલું તેલ વપરાશમાં લેવામાં આવતું હોવાનું જણાતા પેઢીનો પરવાનો સ્થગિત કરી ધંધો બંધ કરાવવામાં આવ્યો છે. (૨) અરોડીયા હોટલ પ્રા.લિ. (હોટલ ફાઉન્ટેન), ને.હા.નં.૪૮, પારડી (૩) હોટલ પેપીલોન, એલ.એલ.પી. કોપરલી રોડ, વાપી તથા (૪) લક્ષ્મી રેસ્ટોરન્ટ, મહેતા નુતન નગર, જુના રેલવે ફાટક, સેલવાસ રોડ, વાપી ખાતે જરૂરી દસ્તાવેજો અને સ્ટોરેજમાં કન્ટેનર ઉપર લેબલીંગનો અભાવની ક્ષતિ જણાતા ત્રણેય પેઢીઓને ઈમ્પ્રૂવમેન્ટ નોટિસ આપવામાં આવી છે. (૫) રામદેવ રેસ્ટોરન્ટ, એચપી પેટ્રોલપંપ પાસે, કિલ્લા પારડી ખાતે રસોડામાં અસ્વચ્છતા તેમજ પાણીનો રિપોર્ટ અને મેડિકલ સર્ટિફિકેટ રજૂ કરવામાં ન આવતા પેઢીનો પરવાનો સ્થગિત કરી ધંધો બંધ કરાવવામાં આવ્યો છે. (૬) અનીતા ફાસ્ટ ફૂડ એન્ડ ચાઈનીઝ કોર્નર, રાધિકા રેસીડેન્સી, તલાસરી રોડ, ઉમરગામ ખાતે ગંદકીથી ખદબદતુ રસોડું, વાસી ખોરાક તેમજ જરૂરી રજીસ્ટ્રેશનનો અભાવ જણાતા ધંધો બંધ કરાવવામાં આવ્યો છે. (૭) હોટલ નિત્યાનંદ, ઈડબલ્યુએસ કોલોની, ગાંધીવાડી, ઉમરગામ ખાતે રસોડમાં ગંદકીની ભરમાર, વાસી ખોરાક તથા ફ્રીઝરમાં ગંદકી સહિતની ક્ષતિઓ જણાતા પેઢીનો પરવાનો સ્થગિત કરી ધંધો બંધ કરાવવામાં આવ્યો છે. (૮) અરિહંત ગૃહ ઉદ્યોગ, હોટલ નિત્યાનંદની બાજુમાં, ઓરીએન્ટલ કોલોની, ગાંધીવાડી, ઉમરગામ ખાતે સ્વચ્છતાના ધોરણો વિરૂધ્ધ ઉત્પાદન તથા ગંદકી અને જરૂરી રજીસ્ટ્રેશનના અભાવે ધંધો બંધ કરાવવામાં આવ્યો છે.

બીજી તરફ તપાસ દરમિયાન (૯) અમીરસ રેસ્ટોરન્ટ, વાપી (૧૦) મધુવન રેસ્ટોરન્ટ, ગીતા નગર, વાપી ઈસ્ટ રેલવે સ્ટેશન સામે (૧૧) આરામ રેસ્ટોરન્ટ, સ્ટેશન રોડ, જીઆઈડીસી ઉમરગામ (૧૨) પ્રાઈમ ડાઈન રેસ્ટોરન્ટ એન્ડ બેન્કવેટ, કોન્વેન્ટ સ્કૂલની બાજુમાં, વલસાડ (૧૩) ગજાનંદ ફાસ્ટ ફૂડ સેન્ટર, સિટી પોલીસ સ્ટેશન સામે, વલસાડ, (૧૪) શ્રી ઉડીપી રેસ્ટોરન્ટ, સ્ટેશન રોડ, વલસાડ (૧૫) ગોરીલ્લાસ, દુકાન નં. ૦૩, મેઘ રચના ટાવર, તિથલ રોડ, વલસાડ, (૧૬) સર્વોત્તમ રેસ્ટોરન્ટ, આવાબાંઈ સ્કૂલ સામે, વલસાડ (૧૭) અંબિકા સ્નેક્સ, અમ્રિત વીલા, તિથલ રોડ, વલસાડ અને (૧૮) અરોમા ચાટ્ર્સ એન્ડ સ્નેક્સ, શ્રી સાંઈ પ્રસાદ ફૂડ કોર્ટ ડીએસપી ઓફિસની બાજુમાં, વલસાડ સહિતની પેઢીઓમાં સ્વચ્છતા જોવા મળતા તેમની સામે કોઈ કાર્યવાહી કરવાની જરૂરિયાત જણાઈ ન હતી.

વલસાડ ફૂડ વિભાગના ડેઝિગ્નેટેડ ઓફિસરશ્રી આશિષ વળવી દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ખાદ્યચીજોના ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ કરતી પેઢીઓની તપાસની કામગીરી હજુ પણ ચાલુ જ રહેશે.

સાઉથ રિપબ્લીક - દૈનિક
SOUTH REPUBLIC DAILY, NAVSARI

# સંદલપોર ગામની જમીનમાં બોજા મુક્તિની અરજીમાં ખોટા પુરાવા રજુ કરનાર સામે પોલીસ ફરિયાદ દાખલ

## જલાલપોર મામલતદાર કચેરીમાં બોજા મુક્તિની અરજીમાં હસ્તલિખિત ખોટા પુરાવા રજુ કર્યા હતા

નવસારી : સંદલપોર ગામની જમીનમાં બોજા મુક્તિ માટે જલાલપોર મામલતદાર કચેરીમાં કરેલી અરજીમાં હસ્તલિખિત ખોટા પુરાવાઓ રજુ કરતા જલાલપોર મામલતદારે નવસારી ટાઉન પોલીસ મથકે વલસાડના ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ, જલાલપોર તાલુકાના સંદલપોર ગામની જુના બ્લોક નં. ૪૩૯ વાળી જમીનના બીજા હક્કમાં પરાગજી ખંડુનો ૧૬૦૫ રૂપિયાનો પત્તે ત્યાં સુધી બોજો તથા નવસારી તાલુકા પંચાયત કચેરીનો ૧૫૯૪.૭૭ રૂપિયાનો બોજો મળી બે બોજો ચાલી રહ્યા હતા. આ બંને બોજા મુક્તિ માટે વલસાડના પારડી તાલુકાના વાપી ચારવાડ રોડ ઓર્ચીડ ટાવર આસોપાલવ કોમ્પ્લેક્ષમાં રહેતા પરિતોષ હેમાંશુભાઇ દેસાઈએ જલાલપોર મામલતદાર કચેરીમાં અરજી કરી હતી. જેના પુરાવા તરીકે અરજી સાથે જલાલપોર તાલુકા વિકાસ અધિકારીનું હસ્તલિખિત ૧૬૦૦ રૂપિયાનો બોજો ભરપાઈ થઇ ગયો હોવાનું પ્રમાણપત્ર અને પરાગજી ખંડુભાઈના ૧૬૦૫ રૂપિયા ભર્યા હોવાની નોંધ જલાલપોર નાયબ મામલતદાર દ્વારા પ્રમાણિત કરવામાં આવી હતી. આ નોંધ વિરુદ્ધ અંકિત દિવ્યકાંતભાઈ દેસાઈ દ્વારા નવસારી નાયબ કલેકટર સમક્ષ અપીલ અરજી દાખલ કરવામાં આવી હતી. જે અપીલ અરજી નવસારી નાયબ કલેકટરે નામંજૂર કરી હતી. ત્યારબાદ અપીલ અરજી વિરુદ્ધ નવસારી કલેકટરની કોર્ટમાં રીવીઝન અરજી દાખલ કરી હતી. જેથી રિવિઝનના કામે રજુ થયેલા પુરાવાઓ જોતા જમીન ઉપર તગાવી લોન બાકી નથીનું જલાલપોર ટીડીઓનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં બોજા અંગે કોઈ હસ્તલિખિત સ્પષ્ટતા ન હતી. જયારે જલાલપોર મામલતદાર કચેરી ખાતે પરિતોષભાઈ દ્વારા કરાયેલી બોજા મુક્તિની અરજી સાથે પુરાવા તરીકે જલાલપોર ટીડીઓના પ્રમાણપત્રમાં હસ્તલિખિત બોજો ભરપાઈ થઇ ગયો હોવાનું દર્શાવ્યું હતું.

જેથી એક જ કચેરી દ્વારા આપવામાં આવેલા એક જ તારીખના સમાન નંબરવાળા પ્રમાણપત્રમાં હસ્તલિખિત વિસંગતતા જણાઈ હતી અને જલાલપોર ટીડીઓ દ્વારા આપવામાં આવેલા પ્રમાણપત્રમાં હસ્તલિખિત લખાણનો ઉમેરો કરી પ્રમાણપત્રમાં ચેડા કરી ખોટું પ્રમાણપત્ર ઉભું કરી જલાલપોર મામલતદાર કચેરીમાં રજુ કર્યું હતું. જેથી જલાલપોર મામલતદાર મૃણાલદાન ઈસરાણીએ જીલ્લા જમીન તકેદારી સમિતિના સચિવ સભ્ય અને નવસારી નિવાસી અધિક કલેકટરના પત્રથી પરિતોષભાઈ હિમાંશુભાઈ દેસાઈ વિરુદ્ધ નવસારી ટાઉન પોલીસ મથકે આઈપીસી-૧૮૬૦ ની કલમ ૪૬૫, ૪૬૬,૪૬૭, ૪૬૮ તથા ૪૭૧ મુજબ ફરિયાદ નોંધાવતા આગળની તપાસ પી.એસ.આઈ.એચ.એસ. ઠુમરે હાથ ધરી છે.

# દશામાંની મૂર્તિ વિસર્જન કરતા થાલા ગામની મહિલા ગણદેવી અંબિકા નદીમાં પડી





બીલીમોરા : ગણદેવી અંબિકા નદીમાં દશામાંની મૂર્તિ વિસર્જન કરવા આવેલી થાલા ગામની મહિલા નદીમાં પડી જતા તણાઈ હતી. જોકે હાજર તરવૈયાઓએ મહિલાને બચાવી તાત્કાલિક હોસ્પિટલ ખસેડી હતી.

## સ્થાનિક તરવૈયાઓએ મહિલાને બચાવી હોસ્પિટલ ખસેડી

મળતી માહિતી મુજબ, નવસારી જીલ્લામાં વિવિધ વિસ્તારોમાં ૧૦ દિવસ અગાઉ માતાજીના ભક્તોએ શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે દશામાંની પ્રતિમા સ્થાપી હતી. આ ૧૦ દિવસ દરમિયાન ભક્તોએ માતાજીની પૂજા-અર્ચના કરી હતી. સાથે જ રાત્રી દરમિયાન ગરબાનું આયોજન કરતા માહોલ ભક્તિમય બન્યો હતો. જોકે ૧૦ દિવસ પૂર્ણ થતા જ ભક્તો ગત મોડી રાતથી જ નદીમાં માતાજીની મૂર્તિનું વિસર્જન કરવા નીકળ્યા હતા. દશામાંની મૂર્તિની વિસર્જન પ્રક્રિયા દરમિયાન સ્થાનિક તરવૈયાઓએ હાજર રહી મૂર્તિનું વિસર્જન કરવામાં મદદ કરી રહ્યા હતા. ત્યારે ગણદેવીમાં મૂર્તિના વિસર્જન દરમિયાન ઘટના સર્જાઈ હતી.

ચીખલી તાલુકા કેટલાક ગામના ભક્તો માતાજીની મૂર્તિનું વિસર્જન કરવા માટે ગણદેવીની અંબિકા નદી ખાતે આવ્યા હતા. દરમિયાન અંબિકા નદીમાં સ્થાનિક તરવૈયાઓની મદદથી માતાજીની મૂર્તિનું વિસર્જન ચાલી રહ્યું હતું. ત્યારે વહેલી સવારે ચીખલીના થાલા ગામમાં રહેતી રમીલાબેન હળપતિ માતાજીની મૂર્તિ વિસર્જન કરતી વખતે અચાનક તેણીનો પગ લપસી પડતા રમીલાબેન નદીમાં પડયા હતા. બીજી તરફ નદીમાં પાણીનો પ્રવાહ વધુ હોવાથી રમીલાબેન પાણીના પ્રવાહ સાથે તણાઈ રહ્યા હતા. જેના કારણે અન્ય લોકોમાં ભય ફેલાતા અફરા-તરફી મચી જવા સાથે બચાવો-બચાવોની બુમો મારી રહ્યા હતા. જોકે તે સમયે હાજર તરવૈયાઓએ તાત્કાલિક નદીમાં ઝંપલાવી રમીલાબેનને બચાવવાના -યાસો હાથ ધર્યા હતા. અંતે ભારે જહેમત બાદ તરવૈયાઓએ રમીલાબેનને પકડી પાણીના ધસમસતા પ્રવાહમાંથી સુરક્ષિત બહાર કિનારે લઈ આવ્યા હતા.

આ ઘટનાને પગલે હાજર લોકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી દીધી હતી. જેથી એમ્બ્યુલન્સ પહોચતા લોકોએ રમીલાબેનને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડયા હતા. જયારે આ બનાવ અંગે ગણદેવી પોલીસ મથકે જાણ કરતા પોલીસે જાણવા જોગ નોંધ કરી આગળની તજવીજ હાથ ધરી છે.

# નવસારીમાં છુટાછવાયા વરસાદી ઝાપટા પડયા, મહત્તમ તાપમાન ૩૦.૯ ડિગ્રી

નવસારી : નવસારીમાં આજે છુટાછવાયા વરસાદી ઝાપટાઓ પડી રહ્યા છે. જોકે દિવસ દરમિયાન વરસાદની ગેરહાજરી રહેતા મહત્તમ તાપમાન ૩૦.૯ ડિગ્રી નોંધાયું છે.

નવસારીમાં છેલ્લા ઘણા સમયથી વરસાદનો વિરામ જોવા મળ્યો છે. જોકે ક્યારેક વરસાદી ઝાપટાઓ પડી રહ્યા છે. તો ક્યારેક વાદળછાયું વાતાવરણ રહે છે. હાલમાં મોડી રાતથી વહેલી સવાર દરમિયાન વરસાદી ઝાપટાઓ પડી રહ્યા છે. બીજી તરફ દિવસ દરમિયાન વરસાદનો વિરામ હોવાથી વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરમી સાથે ઉકળાટ અનુભવાય છે.

આજે નવસારીમાં મહત્તમ તાપમાન ૩૦.૯ ડિગ્રી નોંધાયું હતું. જયારે લઘુત્તમ તાપમાન ૨૬.૮ ડિગ્રી નોંધાયું છે. સવારે વાતાવરણમાં ૯૬ ટકા ભેજ જણાયો હતો. જયારે બપોર બાદ ભેજનું પ્રમાણ નહિવત ગગડીને ૮૯ ટકા રહ્યું હતું. સાથે જ દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ દિશાએથી ૫.૬ કિ.મી. ની ઝડપે ફૂંકાયા હતા.

# પાર્કિંગ સિગ્નલ વગર ઊભેલા ડમ્પર પાછળ મોપેડ અથડાયું, યુવક ગંભીર

નવસારી : જલાલપોર તાલુકાના માણેકપોર ગામ નજીક સુરતથી નવસારી તરફ જતા જાહેર માર્ગ પર પાર્કિંગ સિગ્નલ વગર બેદરકારીપૂર્વક ઊભેલા ડમ્પર પાછળ એક્ટિવા મોપેડ અથડાતાં યુવકને ગંભીર ઈજા પહોંચી હોવાનો બનાવ સામે આવ્યો છે. અકસ્માત અંગે મરોલી પોલીસે અજાણ્યા ડમ્પર ચાલક સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગત ૧૫ ઓગસ્ટની રાત્રે આશરે ૧૦-૩૦ વાગ્યાના અરસામાં માણેકપોર ગામ નજીક પેટ્રોલપંપની સામે ડમ્પર ટ્રક નંબર NL-06-AA-1291 ઊભું રાખવામાં આવ્યું હતું. ડમ્પર ચાલકે પાર્કિંગ સિગ્નલ ચાલુ કર્યા વગર વાહન માર્ગ પર ઊભું રાખ્યું હોવાથી રાત્રિના અંધારામાં પાછળથી આવતા વાહનચાલકને ડમ્પર નજરે આવ્યું ન હતું. આ દરમિયાન પાછળથી આવી રહેલી એક્ટિવા મોપેડ નંબર GJ-21-BM-9893 ડમ્પર પાછળ ધડાકાભેર અથડાઈ હતી.

અકસ્મતમાં એક્ટિવા ચાલક મયુરને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. ઉપરાંત નાક અને કપાળના ભાગે ફ્રેક્ચર થતાં તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતની જાણ થતાં આસપાસના લોકો પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

આ મામલે વિજલપોર ખાતે રહેતા રેખાબેન પાટીલે મરોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સમગ્ર બનાવની તપાસ એએસઆઈ ગોપાલભાઈ વિરસિંગભાઈ કરી રહ્યા છે. પોલીસ દ્વારા અકસ્માતની પરિસ્થિતિ તેમજ ડમ્પર કઈ રીતે અને કઈ સ્થિતિમાં ઊભું રાખવામાં આવ્યું હતું તે અંગે તપાસ કરવામાં આવી રહી છે.

હાઈવે પર રાત્રિના સમયે પાર્કિંગ લાઈટ કે અન્ય ચેતવણીના સાધનો વગર ઊભા રહેતા ભારે વાહનોને કારણે અકસ્માતનું જોખમ વધતું હોવાથી પોલીસ તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આવા વાહનો સામે દંડ તેમજ જરૂરિયાત મુજબ ટોઇંગની કાર્યવાહી કરવામાં આવશે.

આ ઉપરાંત ટ્રક-ડમ્પર પાછળ રેડિયમ પટ્ટી લગાવવાની કામગીરીને વેગ આપવામાં આવશે. વાહન બ્રેકડાઉન થાય ત્યારે અન્ય વાહનચાલકોને અગાઉથી ચેતવણી મળે તે માટે વૉર્નિંગ ત્રિકોણ મૂકવો ફરજિયાત બનાવાયો છે. ટ્રાન્સપોર્ટરો સાથે બેઠકો યોજી માર્ગ સલામતી અંગે જાગૃતિ ફેલાવવામાં આવશે. હેલ્મેટ અને સ્પીડ નિયમોના ભંગ સામે પણ કડક કાર્યવાહી કરવાની પોલીસ દ્વારા તૈયારી કરવામાં આવી છે.

# બીલીમોરામાં ગાયત્રી માતા મંદિર પરિસરની દુકાનમાં આગ લાગતા દોડધામ



બીલીમોરા : બીલીમોરાના ગાયત્રી માતા મંદિરના પરિસરમાં આવેલી એક દુકાનમાં રાત્રિના સમયે અચાનક આગ લાગવાની ઘટના સામે આવી હતી. -ાથમિક અનુમાન મુજબ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે. નગરપાલિકા નજીકમાં જ હોવાથી ઘટનાની જાણ થતાં તાત્કાલિક પાલિકાની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને આગને કાબૂમાં લેવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આગ પર સમયસર કાબૂ મેળવી લેવાતા મોટી દુર્ઘટના ટળી હતી.

ઘટના બાદ વીજ વિભાગના કર્મચારીઓ દ્વારા પણ સ્થળની તપાસ કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. સદનસીબે આગને સમયસર કાબૂમાં લઈ લેવાતા જાનહાનિ ટળી હતી.

## શ્રાવણ માસમાં ખાસ સાવચેતી જરૂરી

હાલમાં શ્રાવણ માસ દરમિયાન વિવિધ ધાર્મિક સ્થળો અને મેળાવડાઓમાં મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહે છે. અનેક સ્થળોએ પ્રસાદ, પૂજા સામગ્રી, પ્લાસ્ટિકની વસ્તુઓ સહિત વિવિધ પ્રકારની ચીજવસ્તુઓના સ્ટોલ અને દુકાનોમાં વેચાણ કરવામાં આવે છે. આવી જગ્યાએ પ્લાસ્ટિક અને અન્ય જ્વલનશીલ સામગ્રીનો જથ્થો હોય ત્યારે આગની નાની ઘટના પણ ગંભીર સ્વરૂપ ધારણ કરી શકે છે.

આ ઘટનાએ ફરી એકવાર આગ સલામતી અંગે સાવચેતી રાખવાની જરૂરિયાત ઉજાગર કરી છે. ધાર્મિક સ્થળો, દુકાનો અને મેળાવડા આયોજકો દ્વારા ઈલેક્ટ્રિકલ વાયરિંગનું સમયાંતરે ચેકિંગ કરાવવું, ઓવરલોડિંગ ટાળવું અને આગ બુઝાવવાના સાધનો તૈયાર રાખવા જરૂરી બન્યા છે.

સાથે જ દુકાનદારો અને આયોજકોએ ઈમરજન્સી સમયે બહાર નીકળવાના રસ્તા ખુલ્લા રાખવા તથા આગ લાગે ત્યારે તાત્કાલિક ફાયર વિભાગ અને સંબંધિત તંત્રને જાણ કરવાની વ્યવસ્થા રાખવી જોઈએ.

સમયસરની સાવચેતી મોટી દુર્ઘટના અટકાવી શકે છે. ગાયત્રી માતા મંદિર પરિસરની આ ઘટનામાં સમયસર આગ કાબૂમાં આવી જતાં મોટી જાનહાનિ ટળી છે, પરંતુ આગામી દિવસોમાં આવી ઘટનાઓ ન બને તે માટે આગ સલામતીના નિયમોનું પાલન કરવું સૌની જવાબદારી બની રહે છે.

# ધોલાઈ સ્મશાન ભૂમિ પાછળ તીનપત્તીનો જુગાર રમતા ૭ જુગારીયાઓ ઝડપાયા

બીલીમોરા : ધોલાઈ મરીન પોલીસે બાતમીના આધારે સ્મશાન ભૂમિ પાછળથી તીનપત્તીનો જુગાર રમતા ૭ જુગારીયાઓને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ધોલાઈ મરીન પોલીસને બાતમી મળી હતી કે, ધોલાઈ સ્મશાન ભૂમિની પાછળ આવેલા મનોજભાઈ ઓડની રેતીની લીઝ પાસે પતરાના શેડવાળી ખુલ્લી જગ્યામાં કેટલાક લોકો તીનપત્તીનો જુગાર રમી રહ્યા છે. જે બાતમીના આધારે પોલીસે સ્થળ પર રેઈડ કરી તીનપત્તીનો જુગાર રમતા બીલીમોરા ઓડ નગરમાં રહેતા શૈલેશભાઈ દલપતભાઈ ઓડ, રાજેશભાઈ ડાહ્યાભાઈ ઓડ, પ્રવીણભાઈ રમણભાઈ ઓડ, મહેન્દ્રભાઈ રાયસિંગભાઈ ઓડ, ચીખલી નદી મહોલ્લામાં રહેતા પ્રકાશભાઈ ખુમાણભાઈ ઓડ, ચેતનભાઈ રણજીતભાઈ ઓડ અને બીલીમોરા બીલીનાકા જૂની શરા લાઈન દ્વારકાધીશ મંદિરની સામે રહેતા ગણેશભાઈ શિવાજીભાઈ સેવાળકરને ઝડપી પાડયા હતા. સાથે જ પોલીસે ઘટના સ્થળેથી રોકડા ૧૬,૧૦૦ રૂપિયાનો મુદામાલ કબજે કરી આગળની તજવીજ હાથ ધરી છે.

# બોદાલી ગામે અસ્થિર મગજના આધેડે વિરાવળ પૂર્ણા નદીમાં ઝંપલાવી આપઘાત કર્યો

નવસારી : બોદાલી ગામે અસ્થિર મગજના આધેડે વિરાવળ પૂર્ણા નદીમાં ઝંપલાવી આપઘાત કર્યાનો બનાવ જલાલપોર પોલીસ મથકે નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, જલાલપોર તાલુકાના બોદાલી ગામે પટેલ ફળીયામાં મહેશભાઈ હીરાભાઈ પટેલ (ઉ.વ. ૫૧) તેમના પરિવાર સાથે રહેતા હતા. મહેશભાઈ અસ્થિર મગજના અને માનસિક બીમારીથી પીડાતા હતા. જેના પગલે ગત ૧૯મીએ મહેશભાઈએ વિરાવળ પૂર્ણા નદીમાં ઝંપલાવી દીધું હતું. બીજી તરફ આ ઘટનાની જાણ પરિવારજનોને થતા તેમના પગ તળેથી જમીન ખસી ગઈ હતી અને પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. આ ઘટનાને પગલે સ્થાનિક પોલીસે ફાયર બ્રિગેડના જવાનો અને સ્થાનિક તરવૈયાઓની મદદ લઈ મહેશભાઈને શોધવાના પ્રયાસો હાથ ધર્યા હતા. દરમિયાન ગત ૨૧મીએ કરાડી ગામે પૂર્ણા નદીના કિનારેથી મહેશભાઈની લાશ મળી આવી હતી. જે બાબતે જલાલપોર પોલીસ મથકે જાણ કરતા પોલીસે સ્થળ પર પહોચી લાશનો કબ્જો લઈ પી.એમ. અર્થેની તજવીજ હાથ ધરી હતી. સાથે જ પોલીસે નરેન્દ્રભાઈ પટેલની ફરિયાદને આધારે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ એ.એસ.આઈ. રાકેશભાઈને સોંપી છે.

# નવસારીમાં યુવાને એસીડ પી આપઘાત કર્યો

નવસારી : નવસારીમાં યુવાને એસીડ પી આપઘાત કર્યાનો બનાવ નવસારી ટાઉન પોલીસ મથકે નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, નવસારીના રૂસ્તમવાડી ગૌ-શાળાની બાજુમાં પુરાભાઇ પટેલના મકાનમાં આવેલા હીરાના કારખાનામાં ભુરાભાઈ કરશનભાઈ ચૌધરી (ઉ.વ. ૩૪) રહેતા હતા. ગત ૨૧મીએ ભુરાભાઈએ હીરાના કારખાનામાં કોઈ અગમ્ય કારણસર એસીડ ગટગટાવી લીધું હતું. જેના પગલે તેમની તબિયત લથડતા કારખાનાના અન્ય લોકોએ તેમને તાત્કાલિક સારવાર અર્થે નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા. જ્યાં હોસ્પિટલમાં ટુંકી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે નવસારી ટાઉન પોલીસ મથકે જાણ કરતા પોલીસે ડાહ્યાભાઈ પટેલની ફરિયાદને આધારે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ પી.એસ.આઈ. એમ.ડી. ગમારે હાથ ધરી છે.

# નવસારી-ગણદેવી રોડ પર ગટરના સ્લેપ પર આંકડાનો જુગાર રમાડતા ૨ ઝડપાયા, એક વોન્ટેડ

નવસારી : નવસારી-ગણદેવી રોડ પર ગટરના સ્લેપ પરથી નવસારી ગ્રામ્ય પોલીસે બાતમીના આધારે આંકડાનો જુગાર રમાડતા બેને ઝડપી પાડ્યા હતા. જયારે અન્ય એકને વોન્ટેડ જાહેર કરી આગળની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, નવસારી ગ્રામ્ય પોલીસને બાતમી મળી હતી કે, નવસારી-ગણદેવી રોડ પર વિદ્યાકુંજ સ્કુલની પાસે આવેલી રુક્ષ્મણી સોસાયટીના ગેટની બાજુમાં આવેલા ગટરના સ્લેપ ઉપર બે ઈસમો આવતા-જતા ઈસમો પાસે પૈસા લઈ આંક ફરકના આંકડાઓ લખી વરલી-મટકાનો જુગાર રમી-રમાડી રહ્યા છે. જે બાતમીના આધારે પોલીસે બાતમીવાળા સ્થળે જઈ આંક ફરકના આંકડાનો જુગાર રમી-રમાડતા જમાલપોરના માતા ફળીયામાં રહેતા પ્રવીણભાઈ રમણભાઈ દેશમુખ અને નવસારી-ગણદેવી રોડ પર શિવપાર્વતી કૃપા સોસાયટીમાં રહેતા અશોકભાઈ શ્યામરાવ ચૌહાણને ઝડપી પાડયા હતા. જયારે પોલીસે વરલી મટકાની કાપલીઓ લેનાર ચારપુલ ખાતે રહેતા નઈમને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે ઘટના સ્થળેથી રોકડા ૧૦,૨૦૦ રૂપિયા અને ૧૦ હજાર રૂપિયાના ૨ મોબાઈલ મળી કુલ્લે ૨૦,૨૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી આગળની તજવીજ હાથ ધરી છે.

OWNER , PRINTER, PUBLISHER, & EDITOR :- ROHIT ASHOK SETHIA, PRINTED AT :- AAYUSH ENTERPISE, D-26, UDHYOG NAGAR,VIJALPORE, NAVSARI, GUJARAT- 396445., PUBLISHED PLACE :- 102 RAJ RESIDENCY, OPP AVDHOOT EYE HOSPITAL, ASHANAGAR, NAVSARI, GUJARAT -396445. , EDITOR : ROHIT ASHOK SETHIA, Mo. :-+91-7600000600